Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-3, December-2023
www.researchguru.net

# સાહિત્ય અને સમાજ

**કલ્પના આર. પટેલ**

પીએચ.ડી. અધ્યેતા (ગુજરાતી) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**પ્રસ્તાવના :**

સાહિત્ય સમાજનું દર્પણ છે. આ ઉક્તિના સંદર્ભમાં જોઈએ તો સાહિત્ય અને સમાજ બંને પરસ્પરના પૂરક હોવાનું પ્રતીત થાય છે. સમાજ અને સાહિત્યને જોડતી કડી સર્જક અથવા લેખક છે. એટલે કે સાહિત્ય રચનાર સમાજ સાથે સંકળાયેલી વ્યક્તિ છે. જેનું સામાજીકરણ સમાજમાં થયું છે. સર્જકનો ઉછેર, કુટુંબ, શિક્ષણ, જ્ઞાતિ, આસપાસનું વાતાવરણ, સ્થળ-કાળ સંદર્ભ વગેરે સર્જનમાં મહત્વના છે. સંસ્કૃતિ દ્વારા વ્યક્તિની સર્જનાત્મકતા વિવિધ સ્વરૂપે સમાજમાં વ્યકત થાય છે.

દા.ત. અભિનયકલા, લેખનકલા, ગાયન, નૃત્ય, સંગીત વગેરે.

**સાહિત્ય અને સમાજનો સંદર્ભ :**

સાહિત્ય અને સમાજ બંને પરસ્પરના પૂરક ક્રિયાતત્વો હોવાથી જ્યાં-જ્યાં માનવસમાજ વિકસ્યો છે ત્યાં-ત્યાં સમકાલીન જીવન રહસ્યોનું સાહિત્ય પણ રચાતું રહ્યું છે. સમાજ વ્યક્તિઓની આંતરક્રિયાઓના સાતત્યનું વ્યવસ્થાતંત્ર છે તેના આદર્શો, પ્રવૃત્તિઓ, આકાંક્ષાઓ, આયોજનો વગેરેને વ્યક્ત કે પ્રતિબિંબિત કરનારી વ્યક્તિઓની પ્રક્રિયાની અનુભૂતિના માધ્યમ તરીકે સાહિત્ય સર્જાય છે. સાહિત્ય હંમેશા સમાજના જીવાતા જીવનના આધારે રચાતું હોય છે. જે સમાજજીવનની ખાસિયતો, ક્ષત્રિઓ, પ્રશ્નો, પ્રાપ્તિઓ, વગેરેને વાસ્તવિક ઘટનાઓના આધારે પ્રતીકાત્મક રીતે વ્યક્ત કરતુ હોય છે.

સાહિત્યની સમાજ ઉપર દીઘર્કાલીન અસરો થાય છે. સાહિત્યકારો પોતાની કૃતિઓ દ્વારા લોકમાનસનું ઈચ્છીત ઘડતર કરતા હોય છે. પોતાની કૃતિ દ્વારા સાહિત્યકાર પોતે જ સામાજિક પરિવર્તન ઝંખતા હોય તે રજુ કરીને અથવા તો જે સામાજિક સુધારાઓ કરવા ઈચ્છતા હોય તેને અનુલક્ષીને તે પોતાની કૃતિમાં વિચારો વ્યક્ત કરતા હોય છે. સાહિત્ય અને સમાજના સંબંધો લેખકની વિચારધારા તત્કાલીન સંસ્કૃતિ તેમજ વ્યક્તિ અને સમાજ ઉપર સાહિત્યના પ્રભાવોનું અધ્યયન કૃતિના આધારે જ શક્ય બને છે. સાહિત્ય સમાજની અભિવ્યક્તિ છે. સાહિત્ય સમાજનું પ્રતિબિંબ છે. પુનઃસૃષ્ટિ છે તે સમાજનું નિયામક અને પ્રભાવક છે. તે સમાજનો દસ્તાવેજ છે. તે સંસ્કૃતિનું વાહક અને સંરક્ષક પણ છે.

**સાહિત્યકારોના સર્જનમાં સમાજનિરૂપણ :**

સોળમી સદીમાં નરસિંહ મહેતાએ "વૈષ્ણવજન કોને કહેવાય" એવી વાત કરી

છે. થોડું ઊંડું વિચારો તો વૈષ્ણવજનમાં માનવીમાં કયા-કયા દુર્ગુણો ન હોવા જોઈએ. એ વાત કરીને પ્રવર્તમાન દુર્ગુણોની યાદી આપી છે. અખાભગતે અને ભોજાભગતે તો એ સમયના સમાજની કુરૂઢિઓ અને કુરિવાજોને બેટોક શબ્દોમાં વખોડ્યા છે.

"એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
પાણી દેખી કરે સનાન, તુલસી દેખી તોડે પાન,
એ તો અખા ઘણો ઉત્પાત, ઘણા પરમેશ્વર ક્યાંની વાત."

આ પંક્તિઓમાં અખાભગતે એ સમયે ધરમ કરમમાં કઈ-કઈ રીતો પ્રચલિત હતી એનું વર્ણન તો કર્યું જ છે. પણ આપણે હિન્દુઓ કેટલા બધા ભગવાનને પૂજીએ છીએ એ વાતનો પણ ઈશારો કર્યો છે એના પ્રત્યેક છપ્પામાં એ સમયના સમાજનું દર્શન થાય છે.

ભોજા ભગતે પણ કઠોર શબ્દોમાં સમાજદર્શન કરાવ્યું છે. સાધુસંતોના સ્વાગમાં ધુતારાઓ સમાજનો કેવો ગેરલાભ લેતા હોય તે નીચેની પંક્તિઓમાં દર્શાવ્યું છે.

"જોઈ લો જગતમાં બાવા રે, ધર્યા ભેખ ધુતીને ખાવા,
જયાં પ્રેમદા ધણી પાણી ભરે, ત્યાં નિત નિત જાયે નાવા."

ભક્ત કવિઓનો યુગ પૂરો થયા પછીના સાહિત્યને આપણે દલપત-નર્મદ યુગનું સાહિત્ય કહીએ છીએ દલપતરામે એ સમયના સમાજનું દર્શન આપણને એમના હળવા કાવ્યો દ્વારા કરાવ્યું છે. "એક શરણાઈવાળો" કવિતામાં આપણને એ સમયના ધનપતિઓ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ધન ન ખર્ચવા કેવા બહાના કાઢતા એ દર્શાવ્યું છે તો કૃથલીખોર લોકોને "ઊંટ કહે આ સભામાં..." કવિતામાં "આપણા અઢાર છે...." કહીને ચીમકી આપી છે એનાથી પણ આગળ વધીને એ સમયના રજવાડાં કેવા હતા એ વાત "પુરી એક અંધેરી ને ગંડુ રાજા..." કવિતામાં કહી છે.

નર્મદના સમયમાં જ અંગ્રેજોની ગુલામીમાંથી દેશને મુક્ત કરાવવાની ચળવળનો સળવળાટ તો શરુ જ થઇ ગયો હતો. એની "સહુ ચાલો જીતવા જંગ, બ્યુગલો વાગે..." કવિતામાં આ વાતનો સ્પષ્ટ ઈશારો છે. સમાજમાં પોતાના પ્રદેશ પ્રત્યેનો પ્રેમ દર્શાવવાની વૃત્તિનું પ્રતિબિંબ એમની 'જય જય ગરવી ગુજરાત' કવિતામાં જોવા મળે છે.

ઉમાશંકર-સુન્દરમ યુગ દરમ્યાન સમાજના અનેક ક્ષેત્રોનું પ્રતિબિંબ આ સાહિત્યકારોની રચનાઓમાં દેખાય છે. સ્વાતંત્રતાની લડાઈ માટે ફના થઇ જવાની વાતો, સ્વતંત્રતાની લડતમાં શહિદ થઇ ગયેલા લોકોની પ્રશસ્તિ, ગરીબ-તવંગર વચ્ચેના અસહ્ય ભેદ સામે આંગળી ચીંધતી અને આક્રોશ દર્શાવવતી રચનાઓ,

સમાજવાદ પ્રત્યે અંગુલીનિર્દેશ, છૂટ-અછૂત પ્રત્યેની નારાજગી આવા અનેક વિષયોને આવરી લેતી રચનાઓ આ સમયગાળામાં થઇ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ગીત-રચનાઓમાં અવિનાશ વ્યાસ જેવા કવિઓએ મોટો ફાળો આપ્યો.

રઘુવીર ચૌધરીની કથાત્રયી વાંચતા ઉત્તર ગુજરાતના ગ્રામીણ સમાજનું આબેહૂબ ચિત્ર પ્રાપ્ત થાય છે. કોઈ એક તાલુકા મથકનો સમાજ અને તેમાં ચાલતી કોલેજ અને તે સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણના પ્રશ્નોનું વિશ્લેષણ વિદ્યુત જોષીના 'સરસતી સરસતી તું મોરી માં!' નવલકથામાંથી મળે છે.

આજના સમયમાં રચાતા સાહિત્યમાં વધેલી હિંસા, રાજકરણમાં વધેલી ગંદકી, સામાજિક સંબંધોમાં આવી રહેલું બદલાવ અને નવા-નવા ઉપકરણોનો આવિષ્કાર, સ્પષ્ટ પણ દેખાય છે. ગુજરાતી ભાષામાં અન્ય ભાષાના શબ્દોનો છૂટથી ઉપયોગ, કોમ્પ્યુટરની ભાષા અને કોમ્પ્યુટરના કી-બોર્ડમાં આપેલ કમાન્ડના શબ્દોનો બહોળો પ્રમાણમાં ઉપયોગ જોવા મળે છે. કૃષ્ણ દવેની પ્રખ્યાત કવિતા "વાંસલડી ડોટ કોમ" આનું એક ઉદાહરણ છે.

**ઉપસંહાર :**

સાહિત્ય અને સમાજ એકબીજાના પૂરક છે. અત્યારે જે સમય ચાલી રહ્યો છે એ સમયમાં સમાજ અને સાહિત્ય ઉપર પ્રવર્તમાન વાતાવરણની ઘેરી અસર દેખાય છે.

**સંદર્ભ નોંધ :**


(1) સાહિત્ય અને સમાજ : જોષી વિદ્યુત, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ.

(2) સાહિત્યમાં વ્યકત થતો સમાજ : ડો. પટેલ સંગીતા, (ગુજરાતી આત્મકથા, વાર્તા, નવલકથા અને ગાંધીરચિત સાહિત્યના સંદર્ભમાં)

(3) શ્રી વર્ષા અડાલજાની નવલિકાઓ અને નવલકથાઓમાં સ્ત્રી-પાત્રો-એક અભ્યાસ - એક સમાજશાસ્ત્રીય અધ્યયન : સંશોધક : ભટ્ટ કલ્યાણી આર.

(4) અક્ષરનાદ (Aksharnad.com) સાહિત્ય અને સમાજ : દાવડા પી. કે.

(5) www.gujaratinots.com